
# શ્રી આનંદ કલ્યાણ

વિ.સ. ૨૦૭૬, કારતક સુદ – ૧૫ • તા. ૧૨ નવેમ્બર ૨૦૧૯ • અંક : ૧૫

15



**શેઠ આણંદજી કલ્યાણજી**

"સહુને આનંદ સહુનું કલ્યાણ"

**અમદાવાદ**

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

# શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

ના ઉપલક્ષમાં

## ૫૦૦મી સાલગીરી પ્રસંગ

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬ સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢી
## દ્વારા પ્રસ્તુત લાભ લેવાનો સુવર્ણ અવસર એટલે....


## "સુવર્ણ મહોત્સવ અવસરે આયોજિત સર્વ સાધારણ ફંડ"

૧૨ વર્ષ પછી આવનારા
સુવર્ણ મહોત્સવમાં આપણો લાભ કેમ ન હોય ?

બસ ! આજથી ફક્ત ૧ રૂપિયો પ્રતિદિન
રૂ. ૫૪૦૦ આપી સહભાગી થઈએ.

'શેઠ આણંદજી કલ્યાણજી' નામનો એકાઉન્ટપેયી ચેક / રોકડ, ભારતની કોઈપણ એચ.ડી.એફ.સી. બેંકની શાખામાં સેવિંગ્સ એકાઉન્ટ નં. 5010016 5224400 માં ભરી શકાશે. ચેક ભર્યાની પે-ઈન- સ્લીપ પેઢીના અમદાવાદના સરનામે આપના નામ, સરનામા, મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ સહિત વિગતે ફોર્મ ભરી મોકલી આપી દાનની રસીદ અવશ્ય મેળવવી.

આ માટેના ફોર્મ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત બધાજ તીર્થોમાં ઉપલબ્ધ છે. તેમજ www.anandjikalyanjipedhi.org વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.



શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર
(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# શ્રી આનંદ કલ્યાણ

સળંગ અંક : ૧૫ મૂલ્ય : રૂા. ૨૦ વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦

## શ્રી શત્રુંજય તીર્થાધિરાજ ધર્મકાર્યોનું મહાફલ

આ તીર્થમાં શ્રી અરિહંત પ્રભુની પુષ્પ અને અક્ષતાદિકથી પૂજા અને સ્તુતિ કરી હોય તો તે પૂજક પ્રાણીનાં સર્વ પાપો નાશ પામે છે.

અન્ય તીર્થમાં કરેલી પ્રભુની પૂજા કરતાં અહી કરેલી શ્રી જિનેશ્વરદેવની પૂજા અનંતગણી થાય છે.

અહીં એક પુષ્પમાત્રથી પણ જિનપૂજન કર્યું હોય તો તેથી સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્ત થાય છે અને જે અષ્ટપ્રકારી પૂજા કરે છે, તે આ લોકમાં નવનિધાનને પ્રાપ્ત કરીને શ્રી અરિહંત સમાન થાય છે.

મન, વચન, કાયાથી આ તીર્થમાં જો ગુરુની આરાધના થાય, તો તે તીર્થંકર પદની પ્રાપ્તિનું કારણ બને છે.

આ તીર્થમાં જો સામાન્ય મુનિઓની આરાધના કરી હોય, તો પણ તેને ચક્રવર્તીની લક્ષ્મી પ્રાપ્ત થાય છે. શ્રી તીર્થંકરોને પણ પૂર્વભવે બોધિબીજના હેતુભૂત ગુરૂ મહારાજ છે. તેથી આ મહાતીર્થમાં ધર્મસંબંધી સર્વ ક્રિયા ગુરુની સાથે કરવી અને ગુરુના ઉપકારથી ઋણમુક્ત થવા ઈચ્છતા પુરુષે આ પવિત્ર તીર્થમાં વસ્ત્ર, અન્ન, પાન વગેરેનાં દાનથી વિશેષ પ્રકારે ગુરૂમહારાજની સેવાભક્તિ કરવી.

અભયદાન, અનુકંપાદાન, પાત્રદાન, ઉચિતદાન, કીર્તિદાન, અન્નદાન, જ્ઞાનદાન, ઔષધદાન અને જલદાન એ સર્વ દાનો આ મહાતીર્થમાં વિશેષ રીતે ફળદાયક છે.

: પ્રકાશક :
શેઠ આણંદજી કલ્યાણજી
"સહુને આનંદ સહુનું કલ્યાણ"
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,
૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

'શ્રી આનંદ કલ્યાણ' (ત્રિમાસિક પત્ર)

વર્ષ-૫ | સળંગ અંક : ૧૫

પ્રકાશન

વિ.સં. ૨૦૭૬, કાર્તિક સુદ-૧૫ તા. : ૧૨-નવેંબર-૨૦૧૯, મંગળવાર

પ્રકાશક :

હર્ષદભાઈ મહેતા (જનરલ મેનેજર)

શેઠ આણંદજી કલ્યાણજી, શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦

E–mail : shree_sangh@yahoo.com

Website : www.shethanandjikalyanjipedhi.org

મુદ્રક : નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ) મો. : ૯૮૨૫૨ ૬૧૧૭૭

## શ્રી ગિરનારજી મહાતીર્થે ધજારોહણ

શ્રી ગિરનારજી મહાતીર્થ પર બિરાજમાન શ્રી નેમિનાથદાદાના જિનાલયની ૮૯૧મી સાલગિરા વૈશાખ સુદ-પૂનમ, ગુરૂવાર, તા. ૭-મે-૨૦૨૦ના રોજ આવે છે. ધજાના ચઢાવા એજ દિવસે સવારે બોલાવવામાં આવશે.

આ મંગલ દિવસે ગિરનારજીના મુખ્ય ટૂકના શિખર ઉપરાંત બાકીના બધા જ જિનાલયોમાં શિખરો ઉપર ધજાઓ ચઢશે. આ દિવસે આપ ગિરનારજી પધારશો તો ન કેવળ આપને દાદાની ધજા જોવા મળશે પણ સાથે સાથે આપ જાતે સ્વયં ગિરનારજીના અન્ય જિનાલયોની ધજા પોતે ચઢાવી શકશો.

આપ આ દિવસે ધજાનો લાભ લઈ શકો તે પ્રમાણે આપનો કાર્યક્રમ બનાવશો. આવવા જવાની તથા રહેવાની વ્યવસ્થા દરેકે પોતે જ કરવાની રહેશે. આપના આવવાની જાણ અમદાવાદ અથવા જૂનાગઢ પેઢીના સરનામે કરશો. ઓન લાઈન ધજા બુકીંગ માટે પેઢીની વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવો.

**http://www.anandjikalyanjipedhi.org/GirnarDhja.php**

## શ્રી શત્રુંજય ગિરિરાજના ૧૦૮ નામનું વર્ણન

ગિરિ ઉપર પર્વત પર જુદી જુદી જગ્યાઓ ઉંચી નીચી હોય, જે ભાગ ઉંચો છે તેને શિર-કૂટ કહેવાય છે. એવા આ ગિરિરાજને ૧૦૮ કૂટ છે. ગિરિપરના કૂટો કૂટો વચ્ચે અંતર હોય છે. જ્યારે વરસાદ પડે ત્યારે ભાગ ધોવાતા પણ જાય. પાણીનો સ્વભાવ છે કે માટીને ધીરે ધીરે ઓછી કરે, ઘસડી જાય. પથ્થરને પણ પોતાની અસર કરે. તેથી તે તે જગ્યાને પરસ્પર ઘસારો થતો જાય, તે ઘસારો થતાં તે તે ભાગ જુદા જુદા પડતા જાય, એટલે તે તે કૂટો શિખરો જુદાં પડે. વળી-કાળ બળ પણ તેમાં કાર્ય કરે, એથી ટૂકો જુદી પડી જાય, એવી રીતે આ ગિરિની ૧૦૮ ટૂકો કહેવાય છે, તેથી અહીં ૧૦૮ કૂટ (શિખર-કૂટ)ની વાત કરી છે. આજ કારણે એકસો ને આઠ ખમાસમણાં વડે તેને વંદના કરવામાં આવે છે. તેમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન આ તીર્થની પવિત્રતાને લીધે, આ તીર્થ પર પહેલાના વખતમાં પૂર્વ નવ્વાણું વાર ફાગણ સુદ-૮ના અત્રે પધાર્યા હતા. જ્યારે જ્યારે પધાર્યા ત્યારે ત્યારે તે જ દિવસે પધાર્યા. આજ ઉદાહરણ પરથી પ્રેરણા લઈને આજે પણ ભાવિકો તેને ઉદ્દેશીને નવાણું યાત્રા કરે છે.

જુદી જુદી ટૂકોના નામનો ઉદ્દેશીને પણ નવ્વાણું નામો શ્રી વીરવિજયજી મહારાજ પૂજામાં જણાવે છે. તે આ પ્રકારે :-

૧. શત્રુંજય ગિરિ ૨.બાહુબલી ૩. મરુદેવી ૪. પુંડરીકગિરિ ૫. રૈવતગિરિ ૬. વિમલાચલ ૭. સિદ્ધરાજ-તીર્થરાજ ૮. ભગીરથ ૯. સિદ્ધક્ષેત્ર ૧૦. સહસ્રકમલ ૧૧. મુક્તિનિલયગિરિ ૧૨. સિદ્ધાચલ ૧૩. શતકૂટ ૧૪. ઢંક ૧૫.કદંબગિરિ ૧૬. લોહિતધ્વજ ૧૭. તાલધ્વજ ૧૮. સુરપ્રિય ૧૯. પુણ્યરાશિ ૨૦. મહાબલ ૨૧. દઢશક્તિ ૨૨. શતપત્ર ૨૩. વિજયાનંદ

૨૪. ભદ્રંકર ૨૫. મહાપીઠ ૨૬. સુરગિરિ ૨૭. મહાગિરિ ૨૮. મહાનંદ ૨૯. કર્મસૂદન ૩૦. કૈલાશ ૩૧. પુષ્પચંદ્ર ૩૨. જયંત ૩૩. આનંદ ૩૪. શ્રીપદ ૩૫. હસ્તગિરિ ૩૬. શાશ્વતગિરિ ૩૭. ભવ્યગિરિ ૩૮. સિદ્ધશેખર ૩૯. મહાજશ ૪૦. માલ્યવંત ૪૧. પૃથ્વીપીઠ ૪૨. દુઃખહર ૪૩. મુક્તિરાજ ૪૪. મણિકાન્ત ૪૫. મહિધર ૪૬. કંચનગિરિ ૪૭. આનંદધર ૪૮. પુષ્પકંદ ૪૯. જયાનંદ ૫૦. પાતાળમૂળ ૫૧. વિભાષ ૫૨. વિશાલગિરિ ૫૩. જગતારણ ૫૪. અકલંક ૫૫. અકર્મક ૫૬. મહાતીર્થ ૫૭. હેમગિરિ ૫૮. અનંતશક્તિ ૫૯. પુરુષોત્તમ ૬૦. પર્વતરાજ ૬૧. જ્યોતિરૂપ ૬૨. વિશાલભદ્ર ૬૩. સુભદ્ર ૬૪. અજરામર ૬૫. ક્ષેમંકર ૬૬. અમરકેતુ ૬૭. ગુણકંદ ૬૮. સહસ્રપત્ર ૬૯. શિવંકરુ ૭૦. કર્મક્ષય ૭૧. તમોકંદ ૭૨. રાજરાજેશ્વર ૭૩. ભવતારણ ૭૪. ગજચંદ્ર ૭૫. મહાદેવ ૭૬. સુરકાંત ૭૭. અચલ ૭૮. અભિનંદ ૭૯. સુમતિ ૮૦. શ્રેષ્ઠ ૮૧. અભયકંદ ૮૨. ઉજ્વલગિરિ ૮૩. મહાપદ્મ ૮૪. વિશ્વાનંદ ૮૫. વિજયભદ્ર ૮૬. ઈંદ્રપ્રકાશ ૮૭. કપર્દી ૮૮. મુક્તિનિલય ૮૯. કેવળદાયક ૯૦. ચર્ચગિરિ ૯૧. જયકમલ ૯૨. સૌદર્ય ૯૩. યશોધર ૯૪. ક્ષિતિમંડણ ૯૫. કામુક ૯૬. સહજાનંદ ૯૭ મહેન્દ્રધ્વજ ૯૮. સર્વાર્થસિદ્ધ ૯૯. પ્રિયંકર

## ૧૦૮ યાત્રા કેમ?

શ્રી ઋષભદેવ ભગવાન પૂર્વ નવાણુંવાર આ ગિરિરાજ પર પધાર્યા છે પણ યાત્રાળુઓ ૯૯ના બદલે ૧૦૮ જાત્રા કરે છે. તેમાં પણ ગમે ત્યારે ૧૦૮ પ્રદક્ષિણા દેવા પૂર્વક, એક દુહો બોલીને (૧૦૮) ખમાસમણ દે છે. તેથી તે દુહા અત્રે સામાન્ય અર્થ સાથે આપ્યા છે. તેના કર્તા કલ્યાણસાગર સૂરિના શિષ્ય સુજશ છે.

# ગિરિરાજના૧૦૮ ખમાસમણો (ભાવાર્થ સાથે)

આદીશ્વર અજર અમર, અવ્યાબાધ અહનીશ।
પરમાતમ પરમેસરુ, પ્રણમુ પરમ મુનીશ ॥૧॥

જ્યાં ઘડપણ નથી, જ્યાં મરણ પણ નથી, જ્યાં હંમેશાં ઓછું ન થાય એવું સુખ છે, જ્યાં શ્રેષ્ઠ આત્મિકતા છે, જ્યાં પરમ ઐશ્વર્ય છે, તેવું જેની આરાધનાથી મળે છે, એવા મુનિના પણ ઈશ્વર એવા વર્તમાન કાળમાં, (વર્તમાન અવસર્પિણીમાં) ધર્મને સ્થાપનાર શ્રી આદીશ્વર ભગવાનને નમસ્કાર કરું છું ॥૧॥

જય જય જગતપતિ જ્ઞાન ભાણુ, ભાષિત લોકાલોક।
શુદ્ધ સ્વરૂપ સમાધિમય, નમિત સુરાસુર થોક ॥૨॥

જ્ઞાનમાં સૂર્ય સરખા, લોક અને પરલોકને દેખાડનાર, શુદ્ધસ્વરૂપવાલા, આત્મસમાધિમય, વળી જેમને દેવતાઓનો, દાનવોનો સમુદાય નમ્યો છે, તે જગતના પિતા જય પામો ॥૨॥

શ્રી સિદ્ધાચલ મંડણો, નાભિ નરેસર નંદ।
મિથ્યામતિ મત ભંજણો, ભવિ કુમદાકરચંદ ॥૩॥

નાભિરાજાના પુત્ર, મિથ્યાત્વીના મતનું ખંડણ કરનાર. ભવ્ય (રૂપી) કુમુદને વિકસાવવામાં ચંદ્ર જેવા, શ્રી સિદ્ધાચલની શોભારૂપ શ્રી ઋષભદેવ ભગવાનને નમસ્કાર થાઓ. ॥૩॥

પૂરવ નવ્વાણું જશ સિરે, સમવસર્યા જગન્નાથ।
તે સિદ્ધાચલ પ્રણમીએ, ભક્તે જોડી હાથ ॥૪॥

જે ગિરિરાજના શિખર પર પૂર્વ નવાણુંવાર શ્રી આદીશ્વર ભગવાન સમોસર્યા છે પધાર્યા છે, તે સિદ્ધાચલ ગિરિરાજને ભક્તિ વડે હાથ જોડીને નમસ્કાર કરીએ. ॥૪॥

અનંત જીવ ઈણ ગિરિવરે, પામ્યા ભવનો પાર।

તે સિદ્ધાચલ પ્રણમીયે, લહિએ મંગળ માળ ॥૫॥

જે ગિરિરાજના પ્રભાવ વડે અનંત જીવો, તેની ઉપર ભાવના-સંસારના પારને પામ્યા છે, તે શ્રી સિદ્ધાચલને ભાવથી પ્રણામ કરીએ તો મંગળમાળને પામીએ. ॥૫॥

જશ શિર મુકુટ મનોહરુ, મરુદેવીનો નંદ।

તે સિદ્ધાચલ પ્રણમીએ, ઋદ્ધિ સદા સુખ વૃંદ ॥૬॥

જે ગિરિના શિખર પર મરુદેવી માતાના નંદ, શ્રી ઋષભદેવ મુકુટ સમાન શોભે છે, તે સિદ્ધાચલને પ્રણામ કરીએ, કે જેના પ્રતાપે હંમેશાં રિદ્ધિ અને સુખનો સમુદાય મળે છે. ॥૬॥

મહિમા જેહનો દાખવા, સુર ગુરૂ પણ મતિ મંદ।

તે તીર્થેશ્વર પ્રણમીએ, પ્રગટે સહજાનંદ ॥૭॥

જે દેવતાઓના પણ ગુરૂ કહેવાય તેવા, સુરગુરૂ જેનો મહિમા કહેવાને માટે મંદ બુદ્ધિવાળા થાય છે. તે તીર્થને નમસ્કાર કરીએ કે જેના પ્રતાપે આત્મામાં સ્વાભાવિક આનંદ પ્રગટ થાય ॥૭॥

સત્તા ધર્મ સમારવા, કારણ જેહ પંડૂર।

તે તીર્થેશ્વર પ્રણમીએ, નાશે અઘ સવિ દૂર ॥૮॥

જેની ઉપાસનાથી આત્માનો પોતાનો સાહજિક ગુણ પ્રગટ થાય છે તે, જેની ઉપાસનાથી ઉજ્જવલ થાય છે - પ્રગટે છે, તે તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરીએ કે જેથી તેના પ્રભાવથી સઘળા પાપો દૂર ભાગી જાય. ॥૮॥

કર્મ કાટ સવિ ટાળવા, જેહનું ધ્યાન હુતાશ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, પામીજે સુખવાસ॥૯॥

અનાદિ કાળનો કર્મનો સઘળો કાટ કાઢવાને માટે આ તીર્થ સમર્થ છે-આત્માને ઉજ્જવલ કરનાર છે. જેનું ધ્યાન અગ્નિના સરખું છે. એવા તીર્થેશ્વરને પ્રણામ કરીએ કે જેથી બાહ્ય અને અંતરંગ સુખ મળે॥૯॥

પરમાનંદ દશા લહે, જશ ધ્યાને મુનિરાય।
તે તીર્થેશ્વર પ્રણમીએ, પાતક દૂર પલાય॥૧૦॥

જે ગિરિરાજના ધ્યાનમાં લીન થનારા મુનિરાજ શ્રેષ્ઠ એવી આનંદ દશાને પામે છે. અને તેમના પાપ દૂર થાય છે, તેવા આ તીર્થરાજને હે ભવ્યો ! પ્રણામ કરો॥૧૦॥

શ્રદ્ધા ભાષણ રમણતા, રત્નત્રયીનો હેતુ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, ભવ મકરાકર સેતુ॥૧૧॥

ગિરિરાજની શ્રદ્ધા, ગિરિરાજનું વચનથી બોલવું, અને અંતરમાં ગિરિરાજનું સ્મરણ તે જ્ઞાન-દર્શન-ચારિત્રના હેતુરૂપ છે, એટલું જ નહિં પણ તે ભવરૂપી સમુદ્રને પાર પમાડવા માટે સેતુ-પુલ સમાન છે. તેથી હે ભવ્યો ! તે તીર્થેશ્વરને પ્રણામ કરીએ॥૧૧॥

મહા પાપી પણ નિસ્તર્યા, જેહનું ધ્યાન સુહાય।
તે તીર્થેશ્વર પ્રણમીએ, સુર નર જશ ગુણ ગાય॥૧૨॥

મહા ભયંકર એવા પાપને કરનાર પણ આ તીર્થના ધ્યાનથી પાપ રહિત થાય છે. તેમજ દેવતાઓ અને મનુષ્યો જેના ગુણ ગાય છે. આથી તે તીર્થેશ્વરને ગિરિરાજને હે ભવ્ય પ્રાણીઓ ! પ્રણામ કરીએ. ॥૧૨॥

પુંડરીક ગણધર પ્રમુખ, સિદ્ધયા સાધુ અનેક।
તે તીર્થેશ્વર પ્રણમીએ, આણી હૃદય વિવેક ॥૧૩॥

શ્રી આદીશ્વર ભગવાનના ગણધર પુંડરીકસ્વામી વગેરે અસંખ્ય, અહીં તીર્થના પ્રભાવે સિદ્ધિપદને પામ્યા છે. તેથી હે ભવ્યો ! હૃદયમાં વિવેકને લાવીને આ તીર્થરાજને પ્રણામ કરીએ ॥૧૩॥

ચંદ્રશેખર સ્વસા પતિ, જેહને સંગે સિદ્ધ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, પામીજે નિજ ઋદ્ધ ॥૧૪॥

કોઈ પૂર્વના પાપ કર્મના ઉદય વડે પોતાની બહેનની સાથે અનાચારમાં ઉતરેલ ચંદ્રશેખર આ ગિરિરાજના સંગ વડે તે પાપોને દૂર કરીને મોક્ષને મેળવી શક્યો, એવા આ ગિરિરાજને પ્રણામ કરીએ કે જેથી આપણો આત્મા પોતાની ઋદ્ધિને મેળવી શકે. ॥૧૪॥

જલચર ખેચર તિરિય સવે, પામ્યા આતમ ભાવ।
તે તેર્થેશ્વર પ્રણમીએ, ભવજલ તારણ નાવ ॥૧૫॥

જળચર (જળમાં રહેનારા), ખેચર (આકાશમાં ફરનારા), સ્થલચર(જમીન પર રહેનારા) આવા પણ તિર્યંચો આ તીર્થને સેવે છે, અને પોતાના આત્મસ્વભાવને - જીવસ્વભાવને મેળવે છે કારણ કે આ તીર્થ ભવસમુદ્રમાંથી તારવા માટે નૌકા સમાન છે, તેથી હે ભવ્ય ! આ તીર્થને ભાવથી પ્રણામ કરવા જોઈએ ॥૧૫॥

સંઘ યાત્રા જેણે કરી, કીધા જેણે ઉદ્ધાર।
તે તીર્થેશ્વર પ્રણમીએ, છેદીજે ગતિ ચાર ॥૧૬॥

આ તીર્થની જેણે સંઘ યાત્રા કરી છે, જેણે આ તીર્થ પર જીર્ણ મંદિરોના ઉદ્ધાર કર્યા છે, કે જે કરવા વડે કરીને પોતાનો ચાર ગતિ (તિર્યંચ, નારકી, દેવતા, મનુષ્ય)માં ભમવા રૂપ સંસાર છેદ્યો છે, તેવા આ તીર્થેશ્વરને હે ભવ્યો ! નમન કરો ॥૧૬॥

પુષ્ટિ શુદ્ધ સંવેગ રસ, જેહને ધ્યાને થાય।
તે તીર્થેશ્વર પ્રણમીએ, મિથ્યામતિ સવિ જાય ॥૧૭॥

આત્મામાં રહેલો એવો જે વૈરાગ્ય રસ જેહના ધ્યાનથી પ્રગટ થાય છે, અને આત્માની મિથ્યાબુદ્ધિ-અવળીબુદ્ધિ જેનાથી સર્વથા જાય છે, એવા આ ગિરિરાજને ભાવથી નમસ્કાર કરીએ. ॥૧૭॥

સુરતરૂ સુરમણિ સુરગવી, સુરઘટ સમ જસ ધ્યાન।
તે તીર્થેશ્વર પ્રણમીએ, પ્રગટે શુદ્ધ સ્વભાવ ॥૧૮॥

જેનું ધ્યાન, કલ્પવૃક્ષ, ચિંતામણિરત્ન, કામધેનુ અને કામકુંભથી પણ અધિક, મેળવી આપે છે. તેમ જ જેના ધ્યાનથી આત્માનો શુદ્ધ સ્વભાવ પ્રગટ થાય છે, તેવા આ ગિરિરાજને ભાવથી નમન કરીએ. ॥૧૮॥

સુરલોકે સુરસુંદરી, મળી મળી શ્રોકે થોક।
તે તીર્થેશ્વર પ્રણમીએ, ગાવે જેહના શ્લોક ॥૧૯॥

દેવલોકમાં સુરસુંદરીઓ ઘણા સમૂહમાં ભેગી થઈને જેના ગુણગાન ગાય છે, તે તીર્થેશ્વરને ભાવથી નમસ્કાર કરો ॥૧૯॥

યોગીસર જસ દર્શને, ધ્યાને સમાધિ લીન।
તે તીર્થેશ્વર પ્રણમીએ, હુવા અનુભવ રસલીન ॥૨૦॥

પરમપાવન ગિરિરાજના દર્શન થવા માત્રથી યોગીઓ પણ સમાધિમાં તલ્લીન થઈ જાય છે, અને આત્મ અનુભવ રસમાં મક્કમ થઈ જાય છે. એવા આ તીર્થરાજને ભાવથી નમીએ. ॥૨૦॥

માનું ગગને સૂર્ય શશી, દીયે પ્રદક્ષિણા નિત્ત।
તે તીર્થેશ્વર પ્રણમીએ, મહિમા દેખણ ચિત્ત ॥૨૧॥

કવિ કલ્પના કરે છે કે સૂર્ય અને ચંદ્ર આકાશમા હંમેશાં ભ્રમણ કરે છે, તેથી એમ કેમ ન માનવું કે તેઓ આ મહિમાવાન્ ગિરિને જોવાના મનવાળા છે તેથી ભ્રમણ કરે છે: તેવા આ તીર્થેશ્વરને હે ભાગ્યશાળીઓ ! તમે પણ હંમેશાં પ્રણામ કરો. ॥૨૧॥

સુર અસુર નર કિન્નર, રહે છે જેહની પાસ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, પામે લીલ વિલાસ ।।૨૨।।

દેવતાઓ, દાનવો, મનુષ્યો અને કિન્નરો (ગીત પ્રિય તેવા), આ તીર્થના સાનિધ્યમાં રહે છે, કારણ કે મનથી માને છે કે આના સાનિધ્યથીજ આપણે લીલ વિલાસને પામી શકીશું, તેવા આ પાવન તીર્થને હે જીવ તું નમન કર. ।।૨૨।।

મંગળકારી જેહની, મૃત્તિકા હારી ભેટ।
તે તીર્થેશ્વર પ્રણમી એ, કુમતિ કદાગ્રહ મેટ ।।૨૩।।

જે મૃતીકા=માટી એ પરમ પવિત્ર અને મંગળ કરનારી છે. આથી દેવને પણ તે ભેટ ધરે છે. કારણ કે જેના પ્રભાવથી ખરાબ બુદ્ધિ અને કદાગ્રહનો નાશ થાય છે. તેવા આ તીર્થરાજને હે ભાગ્યશાળી ! તમે ભાવ પૂર્ણ નમન કરો ।।૨૩।।

કુમતિ કૌશિક જેહને, દેખી ઝાંખા થાય।
તે તીર્થેશ્વર પ્રણમીએ, સવિ તસ મહિમા ગાય ।।૨૪।।

જેને દેખીને ખોટી બુદ્ધિવાળા ઘુવડના જેવા જે હોય તેઓ પણ ઝાંખા પડી જાય છે, અને તેના મહિમાને ગાય છે, તેવા તીર્થરાજને હે પુણ્યવાનો ! તમે પ્રણામ કરો. ।।૨૪।।

સૂરજ કુંડના નીરથી, આધિ વ્યાધિ પલાય।
તે તીર્થેશ્વર પ્રણમીએ, જસ મહિમા ન કહાય ।।૨૫।।

આ ગિરિરાજ પર આવેલો એવો જે સૂરજકુંડ છે. તેના પાણીથી મન સંબંધી ઉપાધિ-આધિ, વ્યાધિ-કાયા સંબંધી ઉપાધિ પણ નાશ પામે છે. આવો જેનો વર્ણવી ન શકાય તેવો પ્રભાવ છે, એવા તીર્થને હે ભવ્યો ! તમે અંતરથી પ્રણામ કરો ।।૨૫।।

સુંદર ટૂક સુહામણી, મેરુસમ પ્રાસાદ ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, દૂર ટલે વિખવાદ ॥૨૬॥

આ ગિરિરાજ ઉપર મનોહર ટૂકો શોભે છે. અને તેનાં ઉંચા શિખરવાળાં મંદિરો મેરુનાં જેવા છે. વળી આ ગિરિના ધ્યાન વડે કલેશ, કંકાસ, પણ દૂર થઈ જાય છે. તો એવા પ્રભાવશાળી તીર્થેશ્વરને હે ભવ્યો ! તમે નમન કરો ॥૨૬॥

દ્રવ્ય ભાવ વૈરી ઘણા, જિહાં આવ્ય હોય શાંત ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, જાયે ભવની ભ્રાંત ॥૨૭॥

મનુષ્યોના બાહ્ય વૈરી હોય કે અભ્યંતર વૈરી હોય, પણ તેને અહીં આવવાથી આ તીર્થનાં પ્રભાવે, શાંતિ મળે છે, અને ભવભ્રમણની અશાંતિ ટળે છે, તેથી હે પુણ્યવાનો ! આ તીર્થને હંમેશાં પ્રણામ કરો ॥૨૭॥

જગ હિતકારી જિનવરા, આવ્યા એણે ઠામ ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, જસ મહિમા ઉદ્દામ ॥૨૮॥

જગતના જીવોનું હિત કરનારા જિનેશ્વરો પણ આ તીર્થભૂમિની પાવનતાથી આની ઉપર પધાર્યા હતાં, એવા આનો શ્રેષ્ઠ મહિમા છે, આવા આ તીર્થેશ્વરને હે ભવ્યાત્માઓ ! તમે પૂર્ણ ભાવથી નમસ્કાર કરો. ॥૨૮॥

નદી શેત્રુંજય સ્નાનથી, મિથ્યા મળ ધોવાય ।
તે તીર્થેશ્વર પ્રણમીએ, સવિજનને સુખદાય ॥૨૯॥

જેને સ્પર્શીને વહેતી શત્રુંજય નદીનું પાણી એવું પવિત્ર છે કે ભવ્યો મિથ્યાત્વ મેલને ધોઈ નાંખે છે, અને જેનું પાણી સર્વ જીવોને સુખ આપનાર થાય છે. એવા આ તીર્થરાજને હે ભવ્યો ! તમે નમસ્કાર કરો. ॥૨૯॥

આઠ કર્મ જે સિદ્ધગિરે, ન દીયે તીવ્ર વિપાક।
તે તીર્થેશ્વર પ્રણમીયે, જિહાં નવિ આવે કાક ॥૩૦॥

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય એ આઠ કર્મો આ ગિરિ ઉપર તીવ્ર ફળને દેતા નથી, કારણ કે તે આ ગિરિનો પ્રભાવ છે, આ ગિરિરાજને નમસ્કાર કરો ॥૩૦॥

સિદ્ધશિલા તપનીયમય, રત્ન સ્ફટિક ખાણ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામ્યા કેવળજ્ઞાન ॥૩૧॥

શ્રી સિદ્ધાચલ તપેલા સુવર્ણના જેવી દેદીપ્યમાન છે. અને ત્યાં સ્ફટિક રત્નની ખાણ પણ છે. એવો તે હોવાને લીધે તેની આરાધનાથી ભવ્ય કેવળજ્ઞાનને પામ્યા છે, તો ચાલો આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ ॥૩૧॥

સોવન રૂપા રત્નની, ઔષધિ જાત અનેક।
તે તીર્થેશ્વર પ્રણમીએ, ન રહે પાતક એક ॥૩૨॥

સુવર્ણ સિદ્ધિ કરવા માટેની, રૂપાની સિદ્ધિ કરવા માટેની, ઔષધિઓ તેમજ અનેક પ્રકારનાં રત્નો આ ગિરિરાજ પર છે. આવા ગિરિરાજની આરાધના કરવાથી એક પણ પાપ રહેતું નથી. તો આવા તીર્થેશ્વરને હે ભાગ્યશાળીઓ ! તમે નમસ્કાર કરો ॥૩૨॥

સંયમધારી સંયમે, પાવન હોય જિણ ક્ષેત્ર।
તે તીર્થેશ્વર પ્રણમીયે, દેવા નિર્મળ નેત્ર ॥૩૩॥

સંયમનું પાલન કરનાર સંયમી આ ગિરિ-ક્ષેત્રમાં પાવન થાય છે. તે પાપથી રહિત થાય છે. વળી આ તીર્થ નિર્મળ નેત્રને દેનાર છે. તેથી આ શ્રીતીર્થાધિરાજને હર હંમેશ નમસ્કાર કરીએ ॥૩૩॥

શ્રાવક જિહાં શુભ દ્રવ્યથી, ઓચ્છવ પૂજા સ્નાત્ર।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પોષે માત્ર સુપાત્ર ॥૩૪॥

શ્રાવકો આ ગિરિરાજ પર ન્યાય સંપન્ન એવા દ્રવ્ય જે ઓચ્છવ, પૂજા, સ્નાત્ર વગેરે કરે છે, સુપાત્રને અને સામાન્ય પાત્રને પોષે છે, આથી તેમના આત્માને લાભ થાય છે. તેથી આપણે આ ગિરિરાજને ભાવથી નમસ્કાર કરીએ ॥૩૪॥

સ્વામિવાત્સલ્ય પુણ્ય જિહાં, અનંતગુણ કહેવાય।
તે તીર્થેશ્વર પ્રણમીયે, સોવન ફૂલ વધાય ॥૩૫॥

જે ગિરિરાજ પર સાધર્મિકની ભક્તિ કરવાથી અનંત પુણ્ય મળે છે, તેવા આ તીર્થરાજને સુવર્ણનાં ફૂલો વડે વધાવવો જોઈએ. એવા તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરીએ ॥૩૫॥

સુંદર યાત્રા જેહની, દેખી હરખે ચિત્ત।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ત્રિભુવન માંહે વિદિત્ત ॥૩૬॥

ત્રણ ભુવનમાં પ્રસિદ્ધ જ છે કે જેની યાત્રા અતિ સુંદર છે. કારણ કે એને જોઈને આત્મા અત્યન્ત હર્ષમાં આવે છે. તેવા આ તીર્થેશ્વરને હે ભાગ્યશાળીઓ ! તમે ભાવથી નમન કરો ॥૩૬॥

પાલીતાણા પુર ભલું, સરોવર સુંદર પાળ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, જાયે સકલ જંજાળ ॥૩૭॥

આ ગિરિરાજના નજીકમાં, પૂર્વમાં સુંદર સરોવર બાંધેલું હતું, (જે વર્તમાનમાં કાળબળે લુપ્ત થયું છે.) એ સરોવર નજીક પાદલિપ્તપુર સુંદર પાલીતાણા નગર આવેલું છે. આવા આ ગિરિરાજના સેવનથી સાંસારિક બધી જાળ જંજાળ નષ્ટ થાય છે. ॥૩૭॥

મનમોહન પાગે ચઢે, પગ પગ કર્મ ખપાય।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ગુણ ગુણી ભાવ લખાય ॥૩૮॥

આ ગિરિરાજ પર ચઢવાને માટે રસ્તાઓ જુદા જુદા છે. (પણ વર્તમાનમાં ભક્તો વિશેષ કરીને પાલીતાણા તરફથી ગિરિરાજ પર ચઢે છે.) ગિરિરાજ પર ચઢતાં પરિણામની ધારા વધે છે. એટલે પગલે પગલે કર્મનો નાશ થાય છે, આથી ગુણ અને ગુણી ભાવનું એકપણું થાય છે. આવા પ્રભાવવાળા તીર્થેશ્વરને પ્રણામ કરો ॥૩૮॥

જેણે ગિરિ રૂપ સોહામણાં, કુંડે નીર્મળ નીર।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ઉતારે ભવસિંધુ-તીર ॥૩૯॥

આ તીર્થ ઉપર મનોહર વૃક્ષો આવેલાં છે તેમજ જગ્યાએ જગ્યાએ નિર્મળ પાણીવાળા કુંડો બાંધેલા છે. એવા ગિરિરાજને નમન કરતાં, તે નમન કરનારને સંસાર સાગરમાંથી તારે છે. ॥૩૯॥

મુક્તિમંદિર સોપાન સમ, સુંદર ગિરિવર પાજ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, લહીયે શિવપુર રાજ ॥૪૦॥

(કવિ કલ્પના કરે છે કે) મહેલમાં ઉપર ચઢવાને માટે દાદર-પગથિયાં જોઈએ એ રીતે મોક્ષરૂપી મંદિર-મહેલમાં જવાને માટે જ જાણે ના હોય શું તેમ અહી રસ્તાઓ આવેલાં છે, તેથી આ તીર્થેશ્વરને નમન હોજો ॥૪૦॥

કર્મ કોટિ અઘ વિકટ ભટ, દેખી જે અંગ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, દિન દિન ચઢતે રંગ ॥૪૧॥

કોટિ કર્મરૂપી પાપના ભયંકર ભટોનાં અંગ આ ગિરિને જોઈને જ ધ્રુજી ઉઠે છે, અથી જીવ દિવસે દિવસે ભાવમાં ચઢતો જાય છે, તેથી આ તીર્થેશ્વરને હંમેશ પ્રણામ કરાએ ॥૪૧॥

ગૌરી ગિરિવર ઉપરે, ગાવે જિનવર ગીત।
તે તીર્થેશ્વર પ્રણમીયે, સુખે શાસન રીત ॥૪૨॥

સુંદર દેવાંગનાઓ ગિરિવરની ઉપર જિનેશ્વર ભગવંતના સુંદર ગીત ગાય છે. જૈન શાસનની આ રીતે છે. આવા આ ગિરિરાજને નમન કરીએ. ॥૪૨॥

કવડ જક્ષ રખવાલ જસ, અહોનીશ રહે હજૂર।
તે તીર્થેશ્વર પ્રણમીયે, અસુરાં રાખે દૂર ॥૪૩॥

કવડજક્ષ આ ગિરિરાજની હંમેશાં રક્ષા કરે છે, ને હાજરાહજૂર રહે છે. વળી તીર્થના પ્રભાવે તે તમામ ઉપદ્રવોને દૂર રાખે છે. આવા પ્રભાવવાળા આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ ॥૪૩॥

ચિત્ત ચાતુરી ચક્કેસરી, વિઘ્ન વિનાશહાર।
તે તીર્થેશ્વર પ્રણમીયે, સંઘતણી કરે સાર ॥૪૪॥

ચતુર એવાં ચક્રેશ્વરી દેવી, ગિરિરાજની સેવા કરનારના વિઘ્નોના નાશ કરે છે, અને સંઘની સાર સંભાળ રાખે છે. એવા તીર્થેશ્વરને પ્રેમથી પ્રણામ કરીએ. ॥૪૪॥

સુરવરમાં મઘવા યથા, ગ્રહ-ગણમાં જિમ ચંદ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, તિમ સવિ તીરથ ઈંદ ॥૪૫॥

દેવતાઓમાં જેમ ઈન્દ્ર શ્રેષ્ઠ છે, ગ્રહોમાં જેમ ચંદ્રમા શ્રેષ્ઠ છે, તેમ જુદા જુદા તીર્થોમાં તીર્થ સર્વથી શ્રેષ્ઠ છે. તેથી હે ભવ્યો ! આ તીર્થેશ્વરને ભાવથી નમો ॥૪૫॥

દીઠે દુર્ગતિ વારણો, સમર્યો સારે કાજ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, સવિ તીરથ શિરતાજ ॥૪૬॥

આ ગિરિરાજનાં દર્શન કરતાં તે દુર્ગતિનું નિવારણ કરે છે. તેનું સ્મરણ કરવામાં આવે તો પોતાનાં કાર્યો સિદ્ધ થાય છે, આથી સઘળાં તીર્થોમાં આ તીર્થ મુગટ સમાન છે, માટે હે ભવ્યો ! આ તીર્થેશ્વરને ભાવથી નમો ॥૪૬॥

પુંડરીક પંચ કોડીશું , પામ્યા કેવલ જ્ઞાન ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, કર્મતણી હોય હાણ ॥૪૭॥

શ્રી આદીશ્વર ભગવાનના ગણધર શ્રી પુંડરીકસ્વામી કર્મનો નાશ કરીને પાંચ કોડી મુનિની સાથે કેવલજ્ઞાન પામીને આ તીર્થ ઉપર મોક્ષે ગયા, આવા આ તીર્થેશ્વરને તમે નમન કરો ॥૪૭॥

મુનિવર કોડી દસ સહિત, દ્રાવિડ અને વારિખિલ્લ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ચઢિયા શિવની નિઃશ્રેણ ॥૪૮॥

(શ્રી ઋષભદેવ ભગવાનના પૌત્રો) દ્રાવિડ અને વારિખિલ્લ રાજ્ય માટે લડ્યા પણ (તાપસના ઉપદેશથી શાંત થઈને તાપસ થયા. પછી યાત્રાએ જતાં મુનિના મુખથી) ગિરિરાજના મહીમાને સાંભળી દસકોડી સાથે ગિરિરાજ પર આવ્યા અને ગિરિરાજના ધ્યાનમાં લીન થઈ અનશન કરી મોક્ષે ગયા. આવા આ તીર્થેશ્વરને નમન કરો ॥૪૮॥

નમિ વિનમિ વિદ્યાધરા, દોય કોડી મુનિ સાથ ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામ્યા શિવપુર આથ ॥૪૯॥

(શ્રી ઋષભદેવ ભગવંતે દીક્ષા લીધી ત્યારે તેમના પુત્રો કચ્છ મહાકચ્છના પુત્ર નમિ વિનમિને રાજ્ય આપવાનું હતું, પણ નમિ અને વિનમિ બહાર ગયેલા તેથી તેમનું રાજ્ય ભરતરાજાને ભળાવ્યું હતું. તેઓ પાછા આવ્યા ત્યારે ભરતરાજા રાજ્ય આપવા તૈયાર થયા પણ તેમણે કહ્યું કે અમે તો ભગવાન પાસેથી રાજ્ય લઈશું, આથી મુનિ થયેલા ઋષભદેવ ભગવાન જ્યાં સ્થિરતા કરે ત્યાં જમીન સાફ કરે, પાણી છાંટે, ફૂલ નાંખે અને તલવાર લઈને બન્ને બાજુ પહેરેગીર પેઠે પહેરો ભરતા ઉભા રહે અને 'રાજ્ય આપનાર થાઓ' એમ કહેતા સેવા કરતા ઉભા રહે. તેથી ત્યાં આવેલા ધરણેન્દ્રે તેમને વૈતાઢ્યની ઉત્તર, દક્ષિણ શ્રેણીનું રાજ્ય આપ્યું. અંતે તેમણે દીક્ષા લીધી.) તે નમિ વિનમિ ગિરિરાજ પર આવીને બે કોડી સાથે અનશન અંગીકાર કરી મોક્ષલક્ષ્મીને પામ્યા, આવા પ્રભાવવાળા આ તીર્થરાજને હરહંમેશ ભક્તિપૂર્ણ નમન કરો ॥૪૯॥

ઋષભ વંશીય નૃપતિ ઘણા, ઈણ ગિરિ પહોતા મોક્ષ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ટાલે ઘાતિક દોષ।।૫૦।।

આવી રીતે શ્રી ઋષભદેવ ભગવાનના વંશના ઘણાએ રાજાઓ આ ગિરિપર આરાધના કરીને ઘાતિ કર્મના દોષોનો ક્ષય કરીને મોક્ષે ગયા છે. આવા આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ।।૫૦।।

રામ ભરત બિહું બાંધવા, ત્રણ કોડી મુનિ યુત।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ઈણગિરિ શિવ સંપત્ત।।૫૧।।

રામ અને ભરત બન્ને ભાઈઓ હતા, લડાઈ વિગેરેના થયેલાં પાપો તેમના અંતરમાં ડંખતાં હતાં, એટલે તેમણે ત્રણ કોડીના પરિવાર સાથે સંયમ અંગીકાર કર્યો, તે પાપોનો નાશ કરવા અનશન વગેરેનો આશરો લીધો અને આ ગિરિ ઉપર સર્વ પાપોનો નાશ કરી-સર્વ કર્મોથી રહિત થઈ, મોક્ષ સુખને પામ્યા. આવા તીર્થેશ્વરને હે ભવ્યો! તમારા કલ્યાણ માટે પ્રેમથી પ્રણમો।।૫૧।।

નારદ મુનિવર નિર્મળો, સાધુ એકાણું લાખ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પ્રવચન પ્રગટ એ ભાખ।।૫૨।।

(નારદ ઋષિનો સ્વભાવ એવો કે તેઓ વાતને એવી રીતે મૂકે કે લોકો ઝઘડી પડે, પણ નિર્મળ મનના એ ઋષિ પછી તેમને શાંત પાડે, એમને વિનોદ પ્રિય હોય છે, પણ તે બ્રહ્મચર્યમાં દઢ હોય છે, તેમાં લવલેશ પણ ખામીવાળા હોતા નથી, છેલ્લે છેલ્લે આત્મા જાગે છે અને આરાધનાના પાયા પર ચઢે છે.) આવા નારદ મુનિવર એકાણું લાખની સાથે આ ગિરિવરે મોક્ષે ગયા. તેની શાખ શાસ્ત્રો પૂરે છે. આવા આ ગિરિવરને હે ભવ્યો ! તમે ભક્તિથી નમસ્કાર કરો।।૫૨।।

શાંબ પ્રદ્યુમ્ન ઋષિ કહ્યા, સાડી આઠે કોડી।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પૂરવ કર્મ વિછોડી॥૫૩॥

શ્રી કૃષ્ણ રાજાના પુત્રો શાંબ અને પ્રદ્યુમ્ન કુમારો આ ગિરિરાજ પર સાડી આઠ ક્રોડની સાથે પૂર્વ કર્મનો ક્ષય કરીને મોક્ષે ગયા. (એમની દેરી ભાડવા ડુંગર પર આવેલી છે.) આવા આ ગિરિવરને હંમેશાં તમો નમન કરો. ॥૫૩॥

થાવચ્ચા સુત્ત સહસ્રશું, અનશન રંગે કીધ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, વેગે શિવપદ લીધ॥૫૪॥

જ્યાં થાવચ્ચા રાણીના પુત્ર હજાર મુનિવરની સાથે ભક્તિભાવ સાથે અનશન કરીને જલદી જલદી મોક્ષ પદને પામ્યા. તેવા આ તીર્થેશ્વરને હે ભાગ્યશાળીઓ ! તમે ભક્તિપૂર્ણ પ્રણામ કરો॥૫૪॥

શુક પરિવ્રાજક વળી, એક સહસ્ર અણગાર।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામ્યા શિવપુર દ્વાર॥૫૫॥

શુક નામના તાપસ હતા, તેમને સંજોગ મળતાં આ તીર્થ પધાર્યા અને ભાવનાના પ્રાબલયથી એક હજાર સાધુઓની સાથે શિવનગરીને-મોક્ષને પામ્યા, માટે મોક્ષને પોષક એવા આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ॥૫૫॥

સેલગસૂરિ મુનિ પાંચમે, સહિત હુઆ શિવનાહ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, અંગે ધરી ઉત્સાહ॥૫૬॥

સેલગસૂરિ જરાક શિથિલતાને પામ્યા હતા પણ અપૂર્વ સંજોગો મળતાં આત્મામાં ઉત્સાહ લાવીને પાંચસો મુનિઓ સાથે આ ગિરિપર શિવનાથ થયા મોક્ષે ગયા, આવા આ તીર્થેશ્વરને ઉત્સાહ પૂર્વક નમસ્કાર થાવ॥૫૬॥

ઈમ સહુ સિધ્યા ઈણગિરિ, કહેતાં નાવે પાર।
તે તીર્થેશ્વર પ્રણમીયે, શાસ્ત્ર માંહે અધિકાર ।।૫૭।।

આવી રીતે ઘણાએ મોક્ષે ગયાનો અધીકાર શાસ્ત્રમાં કહેલો છે કે જે કહેતાં પાર પણ ન આવે, આવા આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ ।।૫૭।।ખમા૦।।

બીજ ઈહાં સમકિતણું, રોપે આતમ ભોમ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ટાલે પાતક સ્તોમ ।।૫૮।।

આ ગિરિરાજની આરાધના કરનારો ભવ્ય પ્રાણી આત્માની અંદર સમ્યક્ત્વનું બીજ રોપે છે, અને પાતકના સમુદાયને ટાળે છે, તેથી આવા તીર્થેશ્વરને ભાવથી નમન કરીએ ।।૫૮।।

બ્રહ્મ-સ્ત્રી-ભ્રૂણ-ગો હત્યા, પાપે ભારિત જેહ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પહોતાં શિવપુર ગેહ ।।૫૯।।

બ્રાહ્મણ, સ્ત્રી, બાળક અને ગાયની હત્યાના પાપથી પાપના ભારવાળા જે થયા હતા, તેવા પણ આ તીર્થની આરાધના કરીને શિવપુરમાં પહોંચ્યા છે, તો આવા ગિરિવરને નમન કરો ।।૫૯।।

જગ જોતાં તીરથ સવે, એ સમ અવર ન દીઠ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, તીર્થો માંહે ઉક્કિટ્ઠ ।।૬૦।।

જગતમાં જે બધાં તીર્થો છે તેમાં આના સમાન કોઈ તીર્થ નથી. તેથી સર્વ તીર્થોમાં ઉત્કૃષ્ટ એવા આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ ।।૬૦।।

ધન્ય ધન્ય સોરઠ દેશ જિહાં તીરથ માંહે સાર।
તે તીર્થેશ્વર પ્રણમીયે, જનપદમાં શિરદાર ।।૬૧।।

દેશોની અંદર સૌરાષ્ટ્ર દેશ ધન્ય છે, કારણ કે તેમાં તીર્થો માંહે શ્રેષ્ઠ એવું આ તીર્થ આવેલું છે, આ તીર્થના મહિમાએ આ દેશ સૌમાં શિરદાર છે, આવા આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ ।।૬૧।।

અહોનિશ આવત ઢૂંકડા, તે પણ જેહને સંગ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામ્યા શિવવધૂ રંગ ॥ ૬૨॥

આ તીર્થના ઉત્તમપણાને લીધે પ્રાણીઓ એની પાસે આવે છે અને એના સંગથી આરાધના કરીને શિવવધૂના રંગની પ્રાપ્તિ કરે છે. એવા તીર્થરાજને હે ભવ્યો ! તમે પણ ભાવથી નમસ્કાર કરો. ॥૬૨॥

વિરાધક જિન આણના, તે પણ હુવા વિશુદ્ધ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પામ્યા નિર્મળ બુદ્ધ ॥ ૬૩॥

જે પ્રાણીઓએ તીર્થંકર પરમાત્માની આજ્ઞાનો ભંગ કરી અપરાધ કર્યો છે (વિરાધના કરી છે) તેવાઓ પણ આ તીર્થના પ્રભાવે વિશુદ્ધ થઈને નિર્મળ બુદ્ધિને પામ્યા છે, તે તીર્થેશ્વરને હે ભવ્યાત્માઓ ! પ્રણામ કરો ॥ ૬૩॥

મહા મ્લેચ્છ શાસન રિપુ, તે પણ હુવા ઉપશાંત।
તે તીર્થેશ્વર પ્રણમીયે, મહિમા દેખી અનન્ત ॥ ૬૪॥

મહા મ્લેચ્છો કે જેઓ શાસનના શત્રુ હતા તેઓ પણ આ ગિરિરાજનો મહિમા જોઈ તેના પ્રભાવે શાંત સ્વભાવવાળા થયા, એવા પ્રભાવવાળા તીર્થેશ્વરને પ્રણામ કરીએ. ॥૬૪॥

મંત્ર યોગ અંજન સર્વે, સિદ્ધ હુવે જિહા ઠામ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પાતકહારી નામ ॥ ૬૫॥

આ ગિરિના પ્રભાવથી મંત્રો, યોગો, અંજનો એમ બધી વસ્તુઓ અહીં સિદ્ધ થાય છે, આથી આ ગિરિનું પાતકહારી એવું પણ નામ કહેવાય છે. આવા આ તીર્થરાજને નમન કરો ॥ ૬૫॥

સમુતિ સુધારસ વરસતે, કર્મ દાવાનલ સાંત।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ઉપશમ તસ ઉલસંત ॥ ૬૬॥

આત્મામાં સદ્‌બુદ્ધિરૂપ અમૃતરસ વરસતાં વિદ્યમાન કર્મ દાવાનલ ઉપશાંત થાય છે અને તેનો અંતર આત્મા ઉલ્લાસમય થાય છે. એવા આ તીર્થેશ્વરને નમન કરો ॥ ૬૬॥

શ્રુતધર નિતુ નિતુ ઉપદિશે, તત્ત્વાતત્ત્વ વિચાર।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ગ્રહે ગુણયુત શ્રોતાર ॥૬૭॥

શાસ્ત્રના અંર્થને પામીને ગીતાર્થ થયેલા એવા ગુરૂદેવો આ તીર્થના ગુણને સમજનારા એવા શ્રોતાગણ તત્ત્વ-અતત્ત્વનો વિષય અને તીર્થરાજના મહિમાને સમજાવે છે. આવા આ મહિમાભર્યા તીર્થેશ્વરને હે ભવ્યો ! તમે હંમેશ નમસ્કાર કરો ॥૬૭॥

પ્રેમ મેલ ગુણગણતણું, કીરતિ કમલા સિંધુ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, કલિકાલે જગ બંધુ ॥૬૮॥

આ તીર્થ ગુણના સમુદાયનું પ્રેમમેલક તીર્થ છે, વળી કીર્તિરૂપી લક્ષ્મી માટે સમુદ્ર સરખું છે. અને વળી કલિકાલની અંદર સહાય કરનાર જગતનાં બન્ધુ સરખું આ છે. તો હે ભવ્યો ! આવા પાવન તીર્થને સેવો ॥૬૮॥

શ્રી શાંતિ તારણ તરણ, જેહની ભક્તિ વિશાલ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, દિન દિન મંગલ માલ ॥૬૯॥

તે તીર્થેશ્વરની વિશાલ ભક્તિ વડે લક્ષ્મી, શાંતિ અને સંસારની માયાને તરીને મુક્ત થવાય છે. તેમજ દિવસે દિવસે મંગલનું ભાથું વધતું જાય છે. આવા આ તીર્થરાજને પ્રણમો ॥૬૯॥

શ્વેત ધ્વજા જશ ફરકતી, ભાખે ભવિને એમ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ભ્રમણ કરો છો કેમ ? ॥૭૦॥

આ ગિરિરાજ મંદિરના શિખર પર ફરકતી શ્વેત ધજા ભવ્ય પ્રાણીઓને સંબોધન કરે છે કે હે ભવ્યાત્માઓ ! તમે સંસારની માયામાં શા માટે ભમો છો ? અહીં આવો તમારો દુ:ખદાયક સંસાર-પરિભ્રમણ નાશ થઈ જશે. આ સંકેત આપનાર આ તીર્થને હે પ્રાણીઓ તમે ભાવ ભક્તિથી નમો ॥૭૦॥

સાધક સિદ્ધ દશા ભણી, આરાધે એક ચિત્ત।
તે તીર્થેશ્વર પ્રણમીયે, સાધન પરમ પવિત્ર ॥૭૧॥

જે આત્માને સાધના કરવી છે, તે આત્માને માટે આ ગિરિરાજ પર પવિત્ર સાધનાનું સ્થાન છે. સાધક એક ધ્યાનથી જો આ ગિરિરાજ પર એક ચિત્તે સાધના કરે તો તે સાધ્યને અચૂક પહોંચે છે. આવા પ્રેરક આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ છીએ ॥૭૧॥

સંઘપતિ થઈ એહની, જે કરે ભાવે યાત્ર।
તે તીર્થેશ્વર પ્રણમીયે, તસ હોય નિર્મળ ગાત્ર ॥૭૨॥

પદચારી વગેરે છરીવાળો-પગપાળો સંઘ કાઢી જે સંઘપતિ થઈને ચતુર્વિધ સંઘ સાથે આ તીર્થે સંઘ લાવી ભાવે જે તીર્થયાત્રા કરે છે તેનો આત્મા કર્મથી નિર્મૂળ થાય છે. એવા આ તીર્થેશ્વરને નમન હો ॥૭૨॥

શુદ્ધાતમ ગુણ રમણતા, પ્રગટે જેહને સંગ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, જેહનો જશ અભંગ ॥૭૩॥

જે ગિરિરાજના સંગથી આત્મિક ગુણોની રમણતા પ્રગટ થાય છે, અને જે ગિરિરાજનો યશ અભંગ છે, એવા તીર્થેશ્વરને નમન કરીએ ॥૭૩॥

રાયણ રૂખ સોહામણો, જિહાં જિનેશ્વર પાય।
તે તીર્થેશ્વર પ્રણમીયે, સેવે સુર નર રાય ॥૭૪॥

આ ગિરિરાજ પર સોહામણું રાયણ વૃક્ષ છે. (જ્યારે જ્યારે શ્રીઋષભદેવ ભગવાન આ ગિરિએ પધારતા ત્યારે ત્યારે રાયણના વૃક્ષ નીચે સ્થિરતા કરતા) આવા આ રાયણ વૃક્ષ નીચે ઋષભદેવ ભગવાનનાં પગલાં છે. તેથી આ રાયણ વૃક્ષને તેમજ પ્રભુનાં પગલાંને દેવેન્દ્ર, નરેન્દ્રો વગેરે સેવા-પૂજા કરે છે, આવા આ ગિરિરાજને હે ભવ્યો ! તમે પ્રણામ કરો ॥૭૪॥

પગલાં પૂજે ઋષભનાં, ઉપશમ જેહને અંગ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, સમતા પાવન અંગ ॥૭૫॥

શ્રી ઋષભદેવ ભગવાનનાં પગલાં પૂજતાં પવિત્ર એવી સમતા આત્મામાં પ્રગટ થાય છે, જ્યાં આવા પવિત્ર પગલાં છે, એવા આ તીર્થેશ્વરને હે પ્રાણીઓ ! તમ. નમો ॥૭૫॥

વિદ્યાધરયક્ષ મિલે બહું, વિચરે ગિરિવર શૃંગ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ચઢતે નવરસ રંગ ॥૭૬॥

વિદ્યાધરો, જક્ષો ટોળે મળીને વધતા નવરસ રંગ સાથે, આ ગિરિવરના શૃંગો પર લાભ જાણીને ફરે છે, તેવા આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ. ॥૭૬॥

માલતી મોગર કેતકી, પરિમલ મોહે ભૃંગ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પૂજે ભવિ જિન અંગ ॥૭૭॥

હે ભવ્ય પ્રાણીઓ આ તીર્થ પર શ્રી ઋષભદેવ પ્રભુને જેની વાસથી ભ્રમરો તેમાં મોહે છે તેવા માલતી, મોગરો, અને કેતકીના ફૂલો વડે પૂજા કરે છે, આવા તીર્થેશ્વરને નમન કરીએ ॥૭૭॥

અજિત જિનેશ્વર જિહાં રહ્યા, ચોમાસુ ગુણ ગેહ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, આણી અવિહડ નેહ ॥૭૮॥

આ અવસર્પિણી કાળના બીજા શ્રી અજિતનાથ ભગવાને અતિમનોહર એવા આ ગિરિ પર ચાતુર્માસિક નિવાસ કર્યો તેથી અંતરમાં અવિહડ સ્નેહ લાવીને આ ગિરિરાજને નમસ્કાર કરીએ ॥૭૮॥

શાંતિ જિનેશ્વર સોલમા, સોળ કષાય કરી અંત।
તે તીર્થેશ્વર પ્રણમીયે, ચાતુર્માસ રહંત ॥૭૯॥

આ અવસર્પિણી કાળના સોળમાં શાંતિનાથ ભગવાન અનંતાનુબંધી આદિ ચારના, ક્રોધાદિ ચાર, ચાર એમ સોળ કષાયનો અંત કરીને કેવળજ્ઞાન પામીને આ ગિરિપર ચાતુર્માસ રહ્યા હતા, આવા આ તીર્થેશ્વરને ભાવથી નમન કરીએ ॥૭૯॥

નેમિ વિના જિનવર સવે, આવ્યા છે જિણ ઠામ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, શુદ્ધ કરે પરિણામ ॥૮૦॥

આ અવસર્પિણી કાળના ચોવીસે તીર્થંકરોમાં બાવીસમા શ્રીનેમિનાથ ભગવાન સિવાય બધાએ આ તીર્થે લાભ જાણીને આવ્યા છે, તેનું આ તીર્થ આત્મ પરિણામની શુદ્ધિને કરે છે. તેવા આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ ॥૮૦॥

નમિ નેમિ જિન અંતર અજિત શાંતિ સ્તવ કીધ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, નંદિષેણ પ્રસિદ્ધ ॥૮૧॥

જીહાં એકવીશમાં નમિનાથ ને બાવીશમાં નેમિનાથ ભગવાનના અંતરે નંદિષેણ ઋષિએ શ્રી અજિતશાંતસ્તવ કર્યુ તે પ્રસિદ્ધ છે. આવા આ તીર્થરાજને ભાવથી પ્રણામ કરીએ ॥૮૧॥

ગણધર મુનિ ઉવજ્ઝાય તિમ, લાભ લહ્યા હોઈ કોઈ લાખ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, જ્ઞાન અમૃતરસ ચાખ ॥૮૨॥

જે તીર્થરાજમાં ગણધરો, મુનિઓ, ઉપાધ્યાયો વગેરે લાખોએ જ્ઞાન અમૃત રસને ચાખ્યો છે, એવા આ તીર્થરાજને હે ભાગ્યશાળીઓ ! ભાવથી આરાધો ॥૮૨॥

નિત્ય ઘંટા ટંકારવે, રણે ઝલ્લરી નાદ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, દુંદેભિ માદલ વાદ ॥૮૩॥

જેના પર હંમેશાં ઘંટારવ, ઝલ્લરીનાદ, દુંદુભિનાદ રણઝણે છે, તેવા આ તીર્થેશ્વરને હંમેશાં પ્રણામ કરો ॥૮૩॥

જેણે ગિરિ ભરત નરેસરે, કીધો પ્રથમ ઉદ્ધાર।
તે તીર્થેશ્વર પ્રણમીયે, મણિમય મૂરતિ સાર ॥૮૪॥

આ ગિરિ પર શ્રી ભરતચક્રવર્તીએ પહેલો ઉદ્ધાર કરાવ્યો, આવા આ ગિરિરાજને હંમેશ વંદન હો ॥૮૪॥

ચૌમુખ ચઉગતિ દુઃખ હરે, સોવનમય સુવિહાર।
તે તીર્થેશ્વર પ્રણમીયે, અક્ષય સુખ દાતાર ॥૮૫॥

શ્રી ભરતચક્રવર્તીએ સુવર્ણનું મંદિર બનાવ્યું તે કાલે ચૌમુખજી બિરાજમાન કર્યા હશે. (મંદિરના ચારે દ્વાર તરફ એક એક પ્રતિમાજી હોય તેને ચૌમુખજી કહેવાય) આવા ચૌમુખજી ચાર ગતિને દૂર કરીને અક્ષય સુખના દેનારા થાય છે. આવા આ તીર્થેશ્વરને પ્રણામ કરીએ. ॥૮૫॥

ઈણ તીરથ મોટા થયા, સોલ ઉદ્ધાર સાકાર।
તે તીર્થેશ્વર પ્રણમીયે, લઘુ અસંખ્ય વિચાર ॥૮૬॥

(કાળ બળ કોઈને પણ છોડતું નથી. તેમાં આ અવસર્પિણી કાળ એટલે દરેક વસ્તુ કાળક્રમે જીર્ણ બને, એટલે મંદિર વગેરેમાં પણ એ સ્થિતિ થાય. આથી મંદિર આદિ જીર્ણ થાય ત્યારે તેનો ઉદ્ધાર કરવો જરૂરી થઈ પડે આથી) આ ગિરિ પર મોટા સોળ ઉદ્ધારો થયા પણ નાના તો અસંખ્ય થયા, તેવા આ તીર્થેશ્વરને નમન કરીએ ॥૮૬॥

દ્રવ્ય ભાવ વૈરી તણો, જેહથી થાયે અંત।
તે તીર્થેશ્વર પ્રણમીયે, 'શત્રુંજય' સમરંત ॥૮૭॥

જે ગિરિરાજને સંભારતાં તેના પ્રભાવે દ્રવ્ય ભાવ વૈરીનો અંત આવે છે, આ કારણે જેનું નામ 'શત્રુંજય' પડ્યું છે. તેવા આ તીર્થેશ્વરને હંમેશાં પ્રણામ કરીએ ॥૮૭॥

પુંડરિક ગણધર હુવા, પ્રથમ સિદ્ધ ઈણે ઠામ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, 'પુંડરીક' ગિરિ નામ ॥૮૮॥

આ ગિરિરાજ પર પુંડરિક ગણધર, પ્રથમ સિદ્ધ થયા, આ કારણથી તેમના નામથી આ ગિરિ 'પુંડરિક' ગિરિના નામથી ઓળખાય છે. આવા તીર્થરાજને હે ભાગ્યશાળીઓ! તમો નમો ॥૮૮॥

કાંકરે કાંકરે ઈણ ગિરિ, સિદ્ધ હુવા સુપવિત્ત ।

તે તીર્થેશ્વર પ્રણમીયે, 'સિદ્ધક્ષેત્ર' સમચિત્ત ॥૮૯॥

આ ગિરિરાજના કાંકરે કાંકરે કેટલાયે પવિત્ર આત્મા સિદ્ધ થયા છે. આથી આનું 'સિદ્ધક્ષેત્ર' એવું પણ નામ છે. તેવા આ ગિરિને સમચિત્તથી હંમેશાં નમન કરીએ ॥૮૯॥

મલ દ્રવ્ય ભાવ વિશેષથી, જેહથી જાયે દૂર ।

તે તીર્થેશ્વર પ્રણમીયે, 'વિમલાચલ' સુખ પૂર ॥૯૦॥

આત્માને લાગેલા કર્મના યોગે દ્રવ્ય ભાવમલ આત્મામાં એકડો થયેલો છે. એ મલ જેહના ધ્યાનના પ્રતાપે સુખપૂર્વક દૂર થાય છે, અને આત્મા વિમલ-નિર્મલ બને છે. એવા આ 'વિમલાચલ' ગિરિવરને ભાવથી નમસ્કાર કરો. ॥૯૦॥

સુરવરા બહુ જે ગિરે, નિવસે નિરમલ ઠાણ ।

તે તીર્થેશ્વર પ્રણમીયે, 'સુરગિરિ' નામ પ્રમાણ ॥૯૧॥

જે ગિરિને નિર્મલ પવિત્ર સ્થાન જાણીને ઘણા ઈન્દ્રો નિવાસ સ્થાન કરે છે, અને આથી જે ગિરિને 'સુરગિરિ' એવા નામથી સંબોધાય છે, તેવા આ તીર્થરાજને નમન કરીએ. ॥૯૧॥

પરવત સહુ માંહે વડો, 'મહાગિરિ' તેણે કહંત ।

તે તીર્થેશ્વર પ્રણમીયે, દરશન લહે પુણ્યવંત ॥૯૨॥

જે ગિરિ પર્વતોમાં મહિમાની દૃષ્ટિએ મહાન્ છે. આથી મહાગિરિ કહેવાય છે. વળી પુણ્યવંત પ્રાણી જેના દર્શનને પામે છે. આથી તેવા આ તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરો ॥૯૨॥

પુણ્ય અનર્ગલ જેહથી, થાયે પાપ વિનાશ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, નામ ભલું 'પુણ્યરાશ' ॥૯૩॥

જેના પ્રભાવથી અને સંગથી અનર્ગલ પુણ્ય થાય છે, અને પાપ નાશ પામે છે. જેથી જેને 'પુણ્યરાશ'નામ મળ્યું છે, તેવા આ તીર્થરાજને પ્રેમથી નમસ્કાર કરો. ॥૯૩॥

લક્ષ્મી દેવીએ કર્યો, કુંડ કમલ નિવાસ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પદ્મનામ સુવાસ ॥૯૪॥

આ ગિરિરાજના કુંડમાં કમલ પર લક્ષ્મીદેવી નિવાસસ્થાન કરે છે. તેથી આ ગિરિ 'પદ્મનાભ'થી પ્રસિદ્ધ છે. આવા પ્રસિદ્ધ એવા આ ગિરિરાજને નમસ્કાર કરો. ॥૯૪॥

સવિ ગિરિમાં સુરપતિ સમો, પાતક પંક વિલાત।
તે તીર્થેશ્વર પ્રણમીયે, પર્વત ઈન્દ્ર વિખ્યાત ॥૯૫॥

બધા ગિરિઓમાં આ ગિરિ સુરપતિ (ઈન્દ્ર) સરખો છે. અને એનાથી પાપ પંક નાશ પામે છે, તેથી આ ગિરિ 'ઈન્દ્ર' નામે પ્રસિદ્ધ છે. આવા ગિરિરાજને નમસ્કાર કરો ॥૯૫॥

ત્રિભુવનમાં તીરથ સવે, તેહમાં મોટો એહ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, 'મહાતીરથ' જશ હેહ ॥૯૬॥

જે ગિરિ ત્રણ ભુવનના સઘળા તીર્થોમાં તીર્થ તરીકે સર્વથી શ્રેષ્ઠ છે. અને તેથી જ 'મહાતીરથ' કહેવાય છે, તે ગિરિરાજને હંમેશાં પ્રણામ કરીએ ॥૯૬॥

આદિ અંત નહિ જેહનો, કોઈ કાલે ન વિલય।
તે તીર્થેશ્વર પ્રણમીયે, 'શાશ્વતગિરિ' કહેવાય ॥૯૭॥

જેનો કોઈકાલે આદિ નથી કે અંત નથી અને તેથી જેનો કોઈકાલે વિનાશ નથી, એથી શાશ્વતગિરિ નામ આપેલ છે. આવા તીર્થેશ્વરને પ્રેમથી પ્રણામ કરીએ ॥૯૭॥

ભદ્ર ભલા જે ગિરિવરે, આવ્યા હોય અપાર।
તે તીર્થેશ્વર પ્રણમીયે, નામ 'સુભદ્ર' સંભાર ॥૯૮॥

પાર વગરના ભદ્રક પરિણામી જીવો આ ગિરિ પર આવે છે. તથા આ ગિરિનું 'સુભદ્ર' એવું નામ સાંભળવાનું મળ્યું છે. આવા આ ગિરિવરને હંમેશાં નમન કરીએ. ॥૯૮॥

વીર્ય વધે શુભ સાધુને, પામી તીરથ ભક્તિ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, નામે જે 'દ્રઢશક્તિ' ॥૯૯॥

આ ગિરિ પર ભક્તિભાવથી આરાધના કરતાં સાધુ-મુનિરાજની આત્મશક્તિ દ્રઢ થાય છે, તેથી આ ગિરિ 'દ્રઢશક્તિ' નામે વખણાય છે. આવા આ તીર્થેશ્વરને ભાવથી નમીએ ॥૯૯॥

શિવગતિ સાધે જે ગિરે, તે માટે અભિધાન।
તે તીર્થેશ્વર પ્રણમીયે 'મુક્તિનિલય' ગુણખાણ ॥૧૦૦॥

આ ગિરિ ઉપર મુનિવરો શિવગતિ-મોક્ષગતિ-મુક્તિનિલયને સાધે છે, .તેથી તેનું ગુણની ખાણ સમાન 'મુક્તિનિલય' નામ પડ્યું છે, આવા પ્રભાવવાળા ગિરિવરને ભાવથી સેવો ॥૧૦૦॥

ચંદ્ર સૂરજ સમકિતધરા, સેવ કરે શુભચિત।
તે તીર્થેશ્વર પ્રણમીયે, 'પુષ્પદંત' વિદિત ॥૧૦૧॥

સમ્યક્ત્વને ધારણ કરનારા ચંદ્રમા અને સૂરજ શુભચિત્તથી આ ગિરિની સેવા કરે છે. તેથી આ ગિરિનું 'પુષ્પદંત' એવું નામ પ્રસિદ્ધ છે, આવા તીર્થેશ્વરને ભાવથી નમન હો. ॥૧૦૧॥

ભિન્ન રહે ભવજલ થકી, જે ગિરિ રહે નિવાસ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, 'મહાપદ્મ' સુવિલાસ ॥૧૦૨॥

કમલ કાદવમાં ઉત્પન્ન થાય છે, પાણીથી વધે છે અને બન્નેને છોડીને ઉપર જુદું રહે છે, એ જ રીતે આ ગિરિના સેવનથી ભવ્ય જીવો ભવજલથી તરી જાય છે. તેથી આ ગિરિને 'મહાપદ્મ'ઉપમા આપી છે, આવા આ તીર્થેશ્વરને પ્રણામ હો ॥૧૦૨॥

ભૂમિધર જે ગિરિવરો, ઉદધિ ન લોપે લીહ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, 'પૃથ્વીપીઠ' અનીહ ॥૧૦૩॥

પર્વતો અને સમુદ્રો જે પોતાની મર્યાદાને ઓળંગતા નથી, તે ખરેખર આ ગિરિનો પ્રતાપ છે, આથી એનું નામ 'પૃથ્વીપીઠ' એવું પહેલું છે, તેવા આ તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરીએ. ॥૧૦૩॥

મંગલ સવિ મલવા તણું, પીઠ એહ અભિરામ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, 'ભદ્રપીઠ' જશ નામ ॥૧૦૪॥

સર્વ વસ્તુને મેળવવા માટે એક સ્થાન જોઈએ, આવું એક સ્થાનરૂપ પીઠ આ ગિરિવર છે. આ મોક્ષ સુધીનું બધું મેળવી આપે છે, તેથી આ ગિરિ 'ભદ્રપીઠ' એવા નામે પણ ઓળખાય છે. આવા આ તીર્થેશ્વરને પ્રણામ હો ॥૧૦૪॥

મૂળ જસ પાતાલમાં, રત્નમય મનોહાર।
તે તીર્થેશ્વર પ્રણમીયે, 'પાતાલમૂળ' વિચાર ॥૧૦૫॥

આ ગિરિવરનું મૂળ પાતાલમાં ગયેલું છે. આ ગિરિ રત્નમય મનોહર છે. આથી આ ગિરિરાજ 'પાતાળમૂળ' નામથી ઓળખાય છે. આવા આ તીર્થરાજને હે ભવ્યો ! અમે નમન કરીએ છીએ ॥૧૦૫॥

કર્મ ક્ષય હોય જિહાં, હોય સિદ્ધ સુખ કેળ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, 'અકર્મક' મન મેળ ॥૧૦૬॥

આ ગિરિ ઉપર તેની સેવાના પ્રભાવે કર્મોનો ક્ષય થાય છે. અને જૂના કર્મનો મેલ પણ ધોવાઈ જાય છે. આ કારણથી 'અકર્મ-કર્મ' રહિત કરનાર કહેવાય છે, આવા આ તીર્થરાજને નમો ॥૧૦૬॥

કામિત સવિ પૂરણ હોય, જેહનું દરિસણ પામ।
તે તીર્થેશ્વર પ્રણમીયે, સર્વકામ મન ઠામ ॥૧૦૭॥

તે તીર્થેશ્વરના દરશનથી પોતાની બધી ઈચ્છાઓ પૂર્ણ થાય છે, તેવા આ તીર્થનું સર્વકામદાયક એવું પણ નામ છે, તે તીર્થનું હંમેશા સ્મરણ કરો ॥૧૦૭॥

ઈત્યાદિક એકવીશ ભલાં, નિરૂપમ નામ ઉદાર।
જે સમર્યા પાતક કરે, આતમ શક્તિ અનુસાર ॥૧૦૮॥

ઉપર જણાવેલી રીતે આ તીર્થના ગુણ નિષ્પન્ન એકવીશ નામ વડે અને મહિમા વડે ૧૦૮ સ્તુતિ કરવાથી અને એનું સ્મરણ કરવાથી પાપ નાશ પામે છે, તેમજ આત્મબળ પ્રગટ થાય છે, આવા પ્રભાવશાળી ગિરિરાજને હર હંમેશ નમન થાઓ ॥૧૦૮॥

॥ કળશ ॥

ઈમ તીર્થનાયક સ્તવન લાયક, સંથુણ્યો શ્રી સિદ્ધગિરિ;
અઠ્ઠોત્તર સય ગાહ સ્તવને, પ્રેમ ભક્તે મનધરી ॥
શ્રી કલ્યાણસાગર સૂરિ શિષ્યે, શુભ જગીશે સુખ કરી;
પુણ્ય મહોદય સકલ મંગલ, વેલી સુજશે જયસરી ॥૧॥

આવી રીતે તીર્થોમાં અગ્રેસર, સ્તવન કરવાને યોગ્ય, એવાશ્રી સિદ્ધગિરિરાજની ૧૦૮ ગાથા વડે અંતરમાં પ્રેમ અને ભક્તિને લાવીને રચના કરી. જગતમાં સુખકારી એવા શ્રી કલ્યાણસાગરસૂરિજીના શિષ્ય જયશ્રીના લાંછનવાળા એવા મેં 'શુજશવિજયે' પુણ્યના મહાઉદય માટે, સકલ મંગલ થાય તે માટે, આ મનોહર કડીબદ્ધ રચના કરી. આથી આની આરાધના કરનાર ભવ્ય જીવોનું અને મારું કલ્યાણ થાય ॥૧॥ ('શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન' પુસ્તકમાંથી)

**શ્રી કુંભારીયાજી તીર્થમાં પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે આયોજિત કાર્યક્રમ**

૨૨-૧-૨૦ **પોષ વદ-૧૩ બુધવાર : શુભમુહૂર્તે કુંભસ્થાપન** અખંડ દીપક અને જ્વારા રોપણ.

૨૩-૧-૨૦ **પોષ વદ-૧૪ થી મહા સુદ-૩ સુધી રોજ સવારે સ્નાત્ર પૂજા**

૨૮-૧-૨૦ **મહા સુદ-૩(બીજી), મંગળવાર : પૂજન :** નવગ્રહ, દશ દિક્પાલ અને અષ્ટ મંગલ પાટલા પૂજન, લઘુ નંદ્યાવર્ત પૂજન અને દેવી પૂજન.

૨૯-૧-૨૦ **મહા સુદ-૪ બુધવાર : અઢાર અભિષેક :** શ્રી નેમિનાથ ભગવાન જિનાલય, શ્રી સંભવનાથ ભગવાન જિનાલય, શ્રી અંબિકાદેવી અને શ્રી માણીભદ્રવીર, શ્રી નેમિનાથ ભગવાન જિનાલયની ભમતી દેરીમાં બિરાજમાન પ્રતિમાજી, શ્રી અંબિકાદેવી અને શ્રી માણીભદ્રવીર જિનાલયના ગોખલામાં બિરાજમાન કરેલ પ્રતિમાજીને અઢાર અભિષેક.

૩૦-૧-૨૦ **મહા સુદ-૫ ગુરૂવાર : પ્રતિષ્ઠા :** શ્રી નેમિનાથ ભગવાન જિનાલયની ભમતી દેરીમાં બિરાજમાન પ્રતિમાજી, શ્રી અંબિકાદેવી અને શ્રી માણીભદ્રવીર, ધજાદંડ અને કળશ અને શ્રી સંભવનાથ ભગવાન જિનાલયના ગોખલામાં બિરાજમાન કરેલ પ્રતિમાજીનો પ્રતિષ્ઠા મહોત્સવ ત્યારબાદ અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર.

૩૧-૧-૨૦ **મહા સુદ-૬ શુક્રવાર : દ્વારોદ્ઘાટન :** શ્રી નેમિનાથ ભગવાન જિનાલય, શ્રી સંભવનાથ ભગવાન જિનાલય, શ્રી અંબિકાદેવી અને શ્રી માણીભદ્રવીરદેરીનું દ્વારોદ્ઘાટન ત્યારબાદ સત્તરભેદી પૂજા

## તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટના સંપર્ક સૂત્રો :

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨-૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079 - 2660 8244
E-mail : shree_sangh@yahoo.com

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,
ઝવેરીવાડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

મુંબઈ બ્રાંચ
શેઠ આણંદજી કલ્યાણજી
૧૦૦૧, ૧૦મે માળ, મેજેસ્ટીક શોપીંગ સેન્ટર, ૧૧૪, જે.એસ.એસ. રોડ,
ગિરગામ ચર્ચ નજીક, ગિરગામ, મુંબઈ-૪૦૦૦૦૪. ટે.નં. ૦૨૨-૨૩૮૦૮૦૪૮
(રકમ ભરવાનો સમય) સવારે ૧૧.૦૦ થી ૧.૩૦ બપોરે ૨.૦૦ થી ૬.૦૦
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦
ટેલિ.નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬
ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮
સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦

'શ્રી આણંદજી કલ્યાણજી' ત્રૈમાસિક પત્ર સંબંધી
તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com

'દયા ધર્મનું મૂળ છે'

# શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ



## શ્રી છાપરીયાળી પાંજરાપોળ

(સ્થાપના વિ.સ. ૧૯૦૮ ઈસ્વી. ૧૮૫૨)
અનેક અબોલ જીવોનો વિસામો

**જીવદયા પ્રતિપાલક યોજનામાં રૂા. ૯૦૦૦/-ના વાર્ષિક અનુદાનથી જોડાઓ અને જીવોના પાલક બનો.**

રોજના ફક્ત રૂા. ૨૫/- જેવી નાની રકમનું યોગદાન આપીને છાપરીયાળી પાંજરાપોળની દૈનિક નિભાવ ફંડ યોજનામાં લાભ લો અને ઘેર બેઠા રોજ ૧ પશુને તમારા તરફથી ઘાસચારા નીરણનો અમૂલ્ય લાભ મેળવો !!

જીવોના અભય દાતા બનો. દયા તમામ ધર્મોનું મૂળ છે. આજે જ પરિવારના દરેક વ્યક્તિ અથવા સંપૂર્ણ પરિવાર વતી રૂા. ૯૦૦૦/-નું પાંજરાપોળને દાન કરી લાભ લો !!

પાંજરાપોળની કોઈપણ યોજનામાં લાભ લેવા માટે
આ રકમ ચેકથી પેઢીના સરનામે મોકલી શકો છો અથવા
PUNJAB NATIONAL BANK
(સંજીવની રોડ બ્રાંચ) અમદાવાદના સેવિંગ્સ
A/C 0524000100066781 માં (IFSE CODE - PUNB0052400)
જમા કરાવીને સ્લીપની કોપી પેઢીના સરનામે મોકલવાથી
રસીદ આપને મોકલી આપવામાં આવશે.


**શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ**
મુ. પો. છાપરીયાળી, વાયા : જેસર - ૩૬૪૫૧૦. જી. ભાવનગર.
ફોન : (૦૨૮૪૪) ૨૯૦૨૪૫ / ૨૯૦૨૪૬

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

MISSION 500

SUVARNA MAHOTSAV CELEBRATION

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬
સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

**BOOK - POST**

*To,*

**શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**
**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,**
**નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**
**E-mail : anandkalyanmagazine@gmail.com**